# આજે નિર્ણાયક મેચમાં રોહિત-કોહલીથી ભારતને મોટી આશા

**પ્રસિધ્ધ** કૃષ્ણા અને હર્ષિત રાણાએ પોતાનું પ્રદર્શન સુધારવું પડશે

**ઝાકળના** કારણે આ મેચમાં પણ ટોસ મહત્વપૂર્ણ રહેશે

**મેચનું** જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ પર જ્યારે લાઈવ સ્ટ્રીમીંગ જિયો હોટસ્ટાર પર બપોરે 1.30 વાગ્યાથી



### વોશિંગ્ટન સુંદરની જગ્યાએ તિલક વર્માને રમાડવામાં આવી શકે

ભારત તેની મધ્યમ ક્રમની બેટિંગને મજબૂત બનાવવા માટે વોશિંગ્ટન સુંદરને આરામ આપવા અને તેની જગ્યાએ તિલક વર્માને પ્લેઈંગ ઇલેવનમાં લેવાનું પણ ગંભીરતાથી વિચારશે. ઋષભ પંત પણ એક વિકલ્પ હોઈ શકે છે, પરંતુ તિલક સ્પિન બોલિંગ પણ કરે છે અને એક ઉત્તમ ફિલ્ડર છે.

### ACA-VDCA સ્ટેડિયમમાં ભારતનો રેકોર્ડ સારો

ACA-VDCA સ્ટેડિયમની પિચ મોટેભાગે બેટ્સમેન માટે અનુકૂળ હોય છે, અને ભારતનો અહીં શાનદાર રેકોર્ડ રહ્યો છે. ભારતે 2005થી અહીં 10 વનડેમાંથી 7 જીતી છે, પરંતુ ઓસ્ટ્રેલિયા સામે ભારતે છેલ્લી મેચ હારી હતી.

વિશાખાપટ્ટનમ, તા. 5 (પીટીઆઈ): ભારત શુક્રવારે દક્ષિણ આફ્રિકા સામે ત્રીજી અને અંતિમ વનડે જીતીને શ્રેણી સુરક્ષિત કરવા માગશે જે માટે તે વિરાટ કોહલી અને રોહિત શર્મા પાસેથી વધુ એક મજબૂત પ્રદર્શનની આશા રાખશે.

ભારતના કેટલાક યુવા ખેલાડીઓએ હજુ સુધી અપેક્ષા મુજબ પ્રદર્શન કર્યું નથી, અને આનાથી તેમના પર દબાણ વધશે. ટેસ્ટ શ્રેણી જીત્યા પછી દક્ષિણ આફ્રિકા હવે વનડે શ્રેણી પણ જીતવાના પૂરા પ્રયાસ કરશે અને આવામાં ભારતીય ટીમે પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરવાની જરૂર પડશે.

આ મેચમાં જીતથી છેલ્લા કેટલાંક સમયથી ટીમ માટે ચાલી રહેલી અટકળોનો અંત આવશે. આ માટે કોહલી અને રોહિતે ફરી એકવાર મહત્વપૂર્ણ યોગદાન આપવું પડશે.

રોહિત અને કોહલી પોતાની કારકિર્દીના અંતિમ તબક્કામાં છે અને તેઓ પોતાની કારકિર્દીમાં વધુ એક ભવ્ય પ્રકરણ ઉમેરવાનો પ્રયાસ કરશે. કોહલીએ પોતાની છેલ્લી ત્રણ ઈનિંગ્સમાં બે સદી અને એક અડધી સદી ફટકારી છે, જ્યારે રોહિતે પોતાની છેલ્લી ચાર ઈનિંગ્સમાં એક સદી અને બે અડધી સદી ફટકારી છે.

તેમને કેટલાક યુવા બેટ્સમેનોનો સારો ટેકો મળી રહ્યો છે, જેમ કે ઋતુરાજ ગાયકવાડ જેણે છેલ્લી મેચમાં પોતાની પહેલી વનડે સદી ફટકારી હતી. પરંતુ યશસ્વી જાયસ્વાલે હજુ સુધી આ શ્રેણીમાં ઓપનર તરીકે પોતાની ક્ષમતા મુજબ પ્રદર્શન કર્યું નથી. તે આ શ્રેણીમાં ડાબા હાથના ઝડપી બોલરો સામે સંઘર્ષ કર્યો છે. જો તે આમાં સુધારો કરી ન શકે તો ટીમ પાસે ગાયકવાડના રૂપમાં એક સારો ઓપનર બેટ્સમેન છે.

કેપ્ટન કે એલ રાહુલે અત્યાર સુધી સારું પ્રદર્શન કર્યું છે, પરંતુ ઝાકળના કારણે આ શ્રેણીમાં ટોસ મહત્વપૂર્ણ બન્યો છે.

ભારતીય બોલરો પણ અપેક્ષા મુજબ પ્રદર્શન કરવામાં નિષ્ફળ રહ્યા છે. ભારત આશા રાખશે કે તેના યુવા ફાસ્ટ બોલરો પ્રસિધ્ધ કૃષ્ણા અને હર્ષિત રાણા સારું પ્રદર્શન કરે અને પ્રભાવશાળી અર્શદીપ સિંહને સંપૂર્ણ ટેકો આપે.

બીજી તરફ, દક્ષિણ આફ્રિકા સિરીઝ જીતવા માટે પ્રતિબદ્ધ છે. જોકે, તેઓ ફાસ્ટ બોલર બર્ગર અને બેટ્સમેન ટોની ડી જ્યોર્જીની ફિટનેસ અંગે ચિંતિત છે. આ મેચ માટે આ બંને ખેલાડીઓ સંપૂર્ણપણે ફિટ થશે કે નહીં તે જોવાનું બાકી છે.

# એશિઝ: ઓસ્ટ્રેલિયાએ પ્રથમ ઈનિંગમાં 44 રનની સરસાઈ મેળવી

**ઈંગ્લેન્ડની** ટીમ 334 રનમાં ઓલઆઉટ થઈ

**બીજા** દિવસના અંતમાં ઓસ્ટ્રેલિયાનો સ્કોર 6 વિકેટે 378 રન

**ઈંગ્લેન્ડે** પાંચ કેચ છોડ્યા



બ્રિસબેન (ઓસ્ટ્રેલિયા), તા. 5 (એપી): શુક્રવારે અહીં રમાઈ રહેલી બીજી એશિઝ ટેસ્ટના બીજા દિવસે ઓસ્ટ્રેલિયાએ ઈંગ્લેન્ડ સામે 6 વિકેટે 378 રન બનાવ્યા હતા અને પ્રથમ ઇનિંગમાં 44 રનની સરસાઈ મેળવી હતી. આ પહેલાં ઈંગ્લેન્ડની ટીમ 334 રનમાં ઓલઆઉટ થઈ હતી.

ખરાબ બોલિંગ અને ઓછામાં ઓછા પાંચ કેચ છુટવાના કારણે ઈંગ્લેન્ડને નોંધપાત્ર નુકસાન થયું હતું, જેનો ફાયદો ઓસ્ટ્રેલિયન બેટ્સમેનોએ ઉઠાવ્યો હતો.

ઓપનર જેક વેધરલ્ડે ઓસ્ટ્રેલિયાની ઇનિંગનું નેતૃત્વ ઝડપી શરૂઆત સાથે કર્યું, તેણે 72 બોલમાં 78 રન બનાવ્યા, જ્યારે માર્નસ લાબુશેને (65) સતત બીજી અડધી સદી પૂર્ણ કરી અને સ્ટેન્ડ-ઇન કેપ્ટન સ્ટીવ સ્મિથે 61 રન બનાવ્યા. ગાબા પિચ પર અમુક અસમાન ઉછાળ હતી છતાં, બેટ્સમેનોએ પ્રભુત્વ જમાવ્યું.

દિવસના અંતે એલેક્સ કેરી 45 બોલમાં 46 રન બનાવીને જ્યારે માઈકલ નેસર 15 રન બનાવીને ક્રીઝ પર હાજર હતાં બંને વચ્ચે 49 રનની ભાગીદારી થઈ હતી.

ઈંગ્લેન્ડે બીજા દિવસે સવારે 9 વિકેટે 325 રનથી આગળ રમવાનું શરૂ કર્યું. પરંતુ 14 બોલમાં નવ રન ઉમેર્યા પછી જોફ્રા આર્ચર (38 રન) આઉટ થતા તેની પ્રથમ ઈનિંગ સમાપ્ત થઈ. રૂટ 138 રન બનાવીને અણનમ રહ્યો, જે ઓસ્ટ્રેલિયામાં તેની પ્રથમ એશિઝ સદી હતી.

# સ્ક્વોશ ઈન્ડિયા ટુરમાં વેલાવન અને અનાહત ચેમ્પિયન બન્યા

ચેન્નાઈ, તા. 5 (પીટીઆઈ): શુક્રવારે અહીં સ્ક્વોશ ઇન્ડિયન ટૂર-4માં રાષ્ટ્રીય ચેમ્પિયન વેલાવન સેન્થિલકુમારે પુરુષોનોઅને અનાહત સિંહે મહિલા ખિતાબ જીત્યો હતો.

ટોચની સીડ ધરાવતા અને વિશ્વમાં ક્રમાંક 46 સેન્થિલકુમારે ઈજિપ્તના આદમ હવાલને 11-7, 11-9, 9-11, 11-4થી હરાવીને પુરુષોનો ખિતાબ જીત્યો.

મહિલા ફાઈનલમાં, દિલ્હીની અનાહત સિંહે (વિશ્વ ક્રમાંક 29) અનુભવી દેશબંધુ જોશના ચિનપ્પાને (ભૂતપૂર્વ નંબર 10) પાંચ ગેમની રોમાંચક સ્પર્ધામાં 11-8, 11-13, 11-13, 11-6, 11-8થી હરાવી.

ગયા મહિને ડેલી કોલેજ ઈન્ડિયન ઓપન પછી અનાહતનો ચિનપ્પા પર આ સતત બીજો વિજય હતો.




આવતા અઠવાડિયે અહીં શરૂ થનારા સ્ક્વોશ વર્લ્ડ કપમાં સેન્થિલકુમાર, અનાહત, જોશના અને અભય સિંહ ભારતનું પ્રતિનિધિત્વ કરશે.

# શાઈ હોપ અને જસ્ટિન ગ્રીવ્સે વેસ્ટઈન્ડિઝની આશા જીવંત રાખી

**ન્યૂઝીલેન્ડે** આપેલા 531 રનના લક્ષ્યાંક સામે વેસ્ટઈન્ડિઝે ચોથા દિવસના અંત સુધી 4 વિકેટે 212 રન બનાવ્યા

**હોપ** 116 અને ગ્રીવ્સ 55 રન બનાવીને રમતમાં



ક્રાઈસ્ટચર્ચ, તા. 5 (એપી): શાઈ હોપે પોતાની ચોથી ટેસ્ટ સદી ફટકારી અને જસ્ટિન ગ્રીવ્સ સાથે 140 રનની અણનમ ભાગીદારી કરી જેનાથી વેસ્ટઈન્ડિઝને 531 રનના મુશ્કેલ લક્ષ્યનો પીછો કરતી વખતે ન્યૂઝીલેન્ડ સામેની પ્રથમ ટેસ્ટના ચોથા દિવસે બીજા દાવમાં ચાર વિકેટે 212 રન બનાવીને પોતાની આશા જીવંત રાખવામાં મદદ મળી. વિશાળ લક્ષ્યનો સામનો કરતા, વેસ્ટ ઈન્ડિઝની શરૂઆત ખરાબ રહી, તેણે 72 રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી. ત્યારબાદ હોપ અને ગ્રીવ્સે ટીમને સ્થિરતા આપી. ચોથા દિવસે રમતના અંતે હોપ 116 અને ગ્રીવ્સ 55 રન બનાવીને રમતમાં હતા. વેસ્ટઈન્ડિઝ ન્યૂઝીલેન્ડથી હજુ 319 રન પાછળ છે. ન્યૂઝીલેન્ડે અગાઉ પોતાનો બીજો દાવ આઠ વિકેટે 466 રન પર ડિક્લેર કર્યો હતો. ન્યૂઝીલેન્ડે પોતાના પહેલા દાવમાં 231 રન બનાવ્યા હતા, જેના જવાબમાં વેસ્ટઈન્ડિઝ 167 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું.

ન્યુઝીલેન્ડે ગઈકાલના 4 વિકેટે 417 રનના સ્કોર પર ડિક્લેર કરવાને બદલે પોતાનો બીજો દાવ રમવાનું ચાલુ રાખ્યું. આખરે જ્યારે તેમની પાસે કોઈ ફિટ બેટ્સમેન બાકી ન હતો ત્યારે તેમણે ઈનિંગ ડિક્લેર કરી. વિકેટકીપર ટોમ બ્લંડેલ અને ઓલરાઉન્ડર નાથન સ્મિથ ઈજાને કારણે બેટિંગ કરી શક્યા ન હતા.

## સુડોકુ ૬૩૮૯ - 'ક્રુતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | ૭ | ૮ | | | | ૨ | ૩ |
| ૩ | ૨ | | ૭ | ૯ | ૫ | | | |
| ૪ | | ૮ | ૧ | ૨ | ૩ | | | |
| ૮ | | | ૬ | ૪ | ૨ | ૭ | | ૯ |
| | ૩ | ૬ | | | ૮ | ૫ | | ૨ |
| ૨ | ૪ | ૯ | ૫ | | | | ૮ | ૧ |
| | ૭ | | | ૫ | ૧ | ૨ | | |
| | | | ૭ | ૯ | ૪ | | | ૬ |
| ૯ | ૫ | ૪ | ૨ | ૮ | ૬ | | | ૭ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### અતિસાર

ભાંગરો તાજો લાવી વાટી, કપડામાં દબાવી રસ ચાર ચમચી, સો ગ્રામ મોળા દહીંમાં ભેળવીને પીવાથી અતિસાર મટે છે. જૂનું દર્દ હોય તો રોજ સવારે અને સાંજે સાત દિવસ પીવું.

## શબ્દગુંફન - ૭૧૧૩

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**

૧. સ્નેહની લાગણી (૪)
૩. બાળા, છોકરી (૩)
૬. છત્રીઘાટનું લૂગડાનું બનાવેલું ઘર (૨)
૭. નદી (૩)
૮. કમનસીબ (૪)
૧૦. શક્તિ, તાકાત (૨)
૧૧. દોર, તંતુ (૨)
૧૨. એક હિંસક પશુ (૨)
૧૩. ઢીલ, વિલંબ (૨)
૧૪. નાશ પામેલું (૨)
૧૬. હાથી (૨)
૧૭. માતાની બહેન (૨)
૧૯. જંગલ (૨)
૨૧. આંખ, લોચન (૩)
૨૪. ફરિયાદ, ન્યાય (૨)
૨૬. ચાલ, વેગ, ઝડપ (૨)
૨૭. તપસ્યા (૨)
૨૮. સહાય (૩)
૩૦. પાણીનો ઘાટ (૪)
૩૩. મસ્ત (૨)
૩૫. ચિંતન કરવાના સ્વભાવવાળું (૫)
૩૬. એક મિઠાઇ (૪)

**ઊભી ચાવી**

૧. માલકી, અમલ (૨)
૨. ભાડે રહેનાર (૩)
૩. છોકરો, એક નામ (૨)
૪. આડખીલી, નડતર (૩)
૫. પોષણ માટે જોઇએ તેટલો ખોરાક (૪)
૬. તાણ, અછત (૨)
૮. શબ્દ, બોલ (૩)
૯. ખબર, શોધ, સંભાળ (૨)
૧૦. નેતરની જાતનું ઘાસ (૨)
૧૨. ભાર, દબાણ (૩)
૧૩. આગલા દિવસનું (૨)
૧૫. હોડી, વહાણ (૨)
૧૭. આદર, સન્માન (૨)
૧૮. લડાઇનું એક હથિયાર (૨)
૨૦. રોકડું (૩)
૨૨. વિશ્વાસ (૩)
૨૩. ક્રોધ, નાશકારક આફત (૨)
૨૫. શ્વાસ (૨)
૨૭. કાંઠો, કિનારો (૨)
૨૯. પીડવું તે (૩)
૩૦. પારકું, અન્ય (૨)
૩૧. ગ્રાહક (૩)
૩૨. જોર, જુસ્સો (૨)
૩૩. એક તેલી બી (૨)
૩૪. શરીર, દેહ (૨)



## આજનું પંચાંગ

**તા. 06/12/2025, શનિવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1947
**વીર સંવત :** 2552 **માસ :** માગશર :
**તિથિ:** વદ: બીજ: 21:28
**રાષ્ટ્રિય દિનાંક :** માગશર : 15
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** હેમંત
**નક્ષત્ર :** મૃગશીર્ષ:08:50 પછી આદ્રા **યોગ :** શુભ
**કરણ:** તૈતિલ **રાશિ:** મિથુન (ક,છ,ઘ)
**દિવસ :** મિશ્ર- બુધ વૃશ્ચિકમાં: 20:29 થી
**સુરતમાં સૂર્યોદય :** 07:04
**સુરતમાં સૂર્યાસ્ત :** 17:56 **નવકારસી :** 07:52
**પારસી વર્ષ :** 1395, તીર માસનો 24મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447, જમાદીઉલ આખર માસનો 15મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ,
**રાત્રિનાં ચોઘડિયાં:** લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ
**રાહુ કાળ :** સવારે : 09:30 થી 11:00 સુધી.

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** આત્મવિશ્વાસ વધે તેવા કામ પાર પડશે. મિત્રોનો સાથ ઉત્સાહિત રાખશે. દલાલીની આવક વધશે.

**વૃષભ (બ,વ,ઉ,):** ઘરમાં મહેમાનોનું આગમન રહે. વારસાના કામમાં મદદ મળે. ઉઘરાણી આવી શકે છે.

**મિથુન (ક,છ,ઘ,):** ક્રિએટીવ હકારાત્મક પ્રવૃત્તિથી કામમાં અનુકૂળતા વધે. પ્રવાસ થાય. નવી તક મળે.

**કર્ક (ડ,હ,):** પ્રવાસમાં છેતરાઈ જવાનું બને. વિદેશના કામમાં ગતિ આવે. આરોગ્યનું ધ્યાન રાખવું.

**સિંહ (મ,ટ,):** મિત્રોની મદદથી સામાજિક કાર્ય પાર પડે. સંતાનોના અભ્યાસની યોજના પાર પડે.

**કન્યા (પ,ઠ,ણ,):** ધંધા માટે નવી યોજના બને. નોકરીમાં કાર્યબોજ વધે. ઉપરી વર્ગનો સાથ મળે.

**તુલા (ર,ત,):** વિદેશ પ્રવાસ, ઉચ્ચ શિક્ષણ કાયદા અને તીર્થયાત્રાને લગતાં કામ પાર પડે. પ્રવાસ થાય.

**વૃશ્ચિક (ન,ય,):** આરોગ્યની ચિંતા અને ખર્ચા વધશે. નોકરીમાં મદદ મળે. ખાવા-પીવામાં ધ્યાન રાખવું.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** ભાગીદારીમાં પ્રગતિ થાય. ઉંમરલાયકના વિવાહની વાત ચાલે. સામાજિક પ્રશ્નો સતાવે.

**મકર (ખ,જ,):** સરકારી નોકરિયાતે સાવધાની રાખવી. શત્રુઓની હેરાનગતિ વધે. ખર્ચા વધશે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** પ્રેમમાં અનુકૂળતા રહે. જીવનસાથી સાથે મનોરંજન થાય. મિત્રોનો સાથ મળે.

**મીન (દ,ચ,ઝ,થ,):** ઘર, વાહન- મકાન બાબતે અનુકૂળતા થાય. ઘરમાં નવાં સગવડયુક્ત સાધનો આવે.

## કોઇ પણ સાલમાં 06 ડિસેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરી-ધંધામાં નવા ફેરફારથી ચડતી-પડતીની સાથે નવી તકો ઊભી થાય. તેમજ નવા વાતાવરણમાં કામ કરવાથી નવું શીખવા મળે. ટેક્નોલોજીનો લાભ મળે. આર્થિક બાબતે સામાન્ય રહે. ઉઘરાણી આવવાથી નવા રોકાણ સરળ બને. આરોગ્ય સામાન્ય રહે. સમાજમાં યશ મળે. પરિવારનો સાથ મળવાથી આવક વધારવાની યોજના હકારાત્મક રહે. ઊંમર લાયકના વિવાહ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સામાન્ય રહે. નવા ઘર, વાહન, મકાનની વાત શરૂઆતમાં સફળ રહે. વિદેશનાં કામ થાય. વિદ્યાર્થીઓને મદદ મળે. વારસા, જાયદાદ, જમીનનોનાં કામમાં પ્રગતિ થાય. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. એપ્રિલ- મે તથા સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં નવી આર્થિક યોજના પાર પડે. જુલાઈ-ઓગસ્ટમાં દોડધામ -જવાબદારી વધશે.

## અનુસંધાન... પાના પહેલાનું

### DGCAએ ચાર...

કેપ્ટન કપિલ માંગલિક અને ફલાઇટ ઓપરેશન્સ ઇન્સ્પેક્ટર કેપ્ટન રામપાલનો સમાવેશ થાય છે. આદેશમાં જણાવાયું છે કે સમિતિ જરૂરી નિયમનકારી અમલીકરણ કાર્યવાહીને સક્ષમ બનાવવા અને સંસ્થાકીય મજબૂતીકરણ સુનિશ્ચિત કરવા માટે 15 દિવસની અંદર ડીજીસીએને તેના તારણો અને ભલામણો સુપરત કરશે. આદેશ મુજબ, પ્રથમ દૃષ્ટિએ, પરિસ્થિતિ આંતરિક દેખરેખ, ઓપરેશનલ તૈયારી અને પાલન આયોજનમાં ખામીઓ દર્શાવે છે, જે સ્વતંત્ર તપાસ માગી લે છે.

### ઇન્ડિગોને નિયમમાં...

એરલાઇનને પસંદગીના ધોરણે જે છૂટછાટ અપાઇ તે ફક્ત એક ભયંકર દાખલો બેસાડનાર બાબત જ નથી પરંતુ આ નિયમો જેના માટે બનાવાયા છે તે મુસાફરોની સલામતીના મૂળ સિદ્ધાંતની પણ અવગણના કરે છે. પાયલોટ મંડળે કહ્યું છે કે મુસાફરોની અગવડનું બહાનું કાઢીને ઇન્ડિગો રાહત માગી રહી છે જ્યારે કે તેણે આ નવા નિયમોથી વાકેફ હોવા છતાં જાણી જોઇને તેના શિયાળુ ફ્લાઇટ ઓપરેશનો વધારી દીધા હતા.

### સતત ચોથા...

એરપોર્ટ પર તો શુક્રવાર મધરાત સુધીની રવાના થનાર તમામ ફ્લાઇટો આજે રદ કરવામાં આવી હતી. ઘણા મુસાફરોએ વિરોધ પ્રદર્શનો કર્યા હતા અને કેટલાક મુસાફરોએ તો પોતાનો સામાન ગુમ થયો હોવાની પણ ફરિયાદ કરી હતી. ઈન્ડિગોની ફ્લાઈટોની ખોરવણી, જે મુખ્યત્વે પાયલોટોની અછતને કારણે સર્જાઇ છે, તેની આગાહી આયોજનની ઉણપને કારણે કરી શકાઇ ન હતી. આ ખોરવણી આજે ચોથા દિવસમાં પ્રવેશી હતી અને સત્તાવાળાઓ પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યા છે. ઘણા હતાશ મુસાફરોને બૂમો પાડતા અને ફ્લાઇટમાં અતિશય વિલંબ માટે સમજૂતી માંગતા સાંભળવામાં આવ્યા હતા અને તેમાંથી કેટલાકે કહ્યું હતું કે તેઓ ફ્લાઇટમાં ચઢ્યા હતા અને બાદમાં સેવા રદ થતાં તેમને ફ્લાઇટમાંથી ઉતરવું પડ્યું હતું. ફ્લાઇટમાં વિલંબનું કારણ શું છે? આપણે તેનું કારણ જાણવાની જરૂર છે એમ એક મુસાફરે જણાવ્યું. કેટલાક મુસાફરોએ એવો પણ દાવો કર્યો હતો કે ગુરુવારે મુંબઈ-દિલ્હી રૂટ પર ફ્લાઇટના ભાડા લગભગ 60,000 રૂપિયા સુધી વધી ગયા હતા. છેલ્લા કેટલાક દિવસોથી ફ્લાઇટમાં થઈ રહેલી અડચણો મુખ્યત્વે ફ્લાઇટ ડ્યુટી ટાઇમ લિમિટેશન (FDTL) ધોરણોના બીજા તબક્કાના અમલીકરણમાં ખોટી નિર્ણયશક્તિ અને આયોજનમાં ખામીઓને કારણે છે તે સ્વીકારતા, ઇન્ડિગોએ નિયમનકારને એ પણ જાણ કરી કે 8 ડિસેમ્બર સુધી વધુ ફ્લાઇટ રદ કરવામાં આવશે અને તે દિવસથી સેવાઓમાં પણ ઘટાડો થશે.

### રશિયાની સરકારી...

હતી એમ કોર્પોરેશને ગુરુવારે એક નિવેદનમાં જણાવ્યું હતું. રશિયાથી કુલ સાત ફ્લાઇટ્સ સમગ્ર રિએક્ટર કોર અને કેટલાક રિઝર્વ ઇંધણ સપ્લાય કરવાની યોજના ધરાવે છે. આ શિપમેન્ટ 2024 માં હસ્તાક્ષરિત કરાર હેઠળ પૂરા પાડવામાં આવે છે, જેમાં કુડનકુલમ પ્લાન્ટના ત્રીજા અને ચોથા VVER-1000 રિએક્ટર માટે પ્રારંભિક લોડિંગથી શરૂ કરીને સમગ્ર સેવા જીવન માટે બળતણ પુરવઠો પહોંચાડવાનું શામેલ છે.

### પુતિન માટેના...

આજે રાત્રે યોજાનાર સત્તાવાર રાત્રિભોજનમાં લોકસભામાં વિરોધ પક્ષના નેતા અને રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતાને આમંત્રણ આપવામાં આવ્યું નથી. પાર્ટીના મીડિયા વડા પવન ખેરાએ કોંગ્રેસના સાંસદ શશી થરૂર પર રાત્રિભોજનમાં હાજરી આપવા સંબંધે કટાક્ષ કરતા કહ્યું કે અમે હોત, તો અંતરાત્માની વાત સાંભળી હોત. તેમણે એમ પણ કહ્યું કે આમંત્રણ સ્વીકારનારા સવાલના ઘેરામાં આવી જાય છે.

### ભારત-રશિયા...

બજાર એક્સેસ પ્રદાન કરશે અને બંને પક્ષો નાના અને મોડ્યુલર પરમાણુ રિએક્ટર અને તરતા પરમાણુ પાવર પ્લાન્ટના નિર્માણ માટે સહયોગ માટે ઉત્સુક છે.

### આરબીઆઇ રૂપિયામાં...

ખૂબ જ ઊંડું બજાર છે એમ તેમણે પોસ્ટ-મોનેટરી પોલિસી પ્રેસ મીટમાં રૂપિયાના અવમૂલ્યન અંગેના પ્રશ્નનો જવાબ આપતા કહ્યું. મલ્હોત્રાએ કહ્યું કે બજારમાં વધઘટ થતી રહે છે, અને આરબીઆઈનો પ્રયાસ હંમેશા કોઈપણ અસામાન્ય અથવા અતિશય અસ્થિરતાને ઘટાડવાનો છે. અને તે જ અમે પ્રયાસ ચાલુ રાખીશું, એમ તેમણે વધુમાં કહ્યું હતું. આરબીઆઈએ તેની દ્વિ-માસિક નાણાકીય નીતિમાં, આ મહિને ત્રણ-વર્ષીય યુએસડી/ આઈએનઆર બાય સેલ સ્વેપની જાહેરાત કરી હતી.

### રિઝર્વ બેંકે...

તર્કસંગતકરણ અને તહેવાર સંબંધિત ખર્ચે ઓક્ટોબર-નવેમ્બર દરમિયાન સ્થાનિક માંગને ટેકો આપ્યો હતો એમ તેમણે કહ્યું અને ઉમેર્યું કે ગ્રામીણ માંગ મજબૂત રહી છે જ્યારે શહેરી માંગ સતત સુધરી રહી છે. આ બધા પરિબળોને ધ્યાનમાં લેતા, 2025-26 માટે વાસ્તવિક GDP વૃદ્ધિ 7.3 ટકા રહેવાનો અંદાજ છે, જેમાં Q3 7 ટકા અને Q4 6.5 ટકા રહેવાનો અંદાજ છે. 2026-27 ના Q1 માટે વાસ્તવિક GDP વૃદ્ધિ 6.7 ટકા અને Q2 6.8 ટકા રહેવાનો અંદાજ છે. બાહ્ય મોરચે, ગવર્નરે જણાવ્યું હતું કે વર્ષના પ્રથમ છ મહિનામાં ભારતમાં વિદેશી પ્રત્યક્ષ રોકાણ (FDI) મજબૂત ગતિએ વધ્યું છે. રિઝર્વ બેંકે શુક્રવારે ચાલુ નાણાકીય વર્ષ માટે ફુગાવાનો અંદાજ નોંધપાત્ર રીતે ઘટાડીને 2.6 ટકા કર્યો હતો કારણ કે અર્થતંત્રમાં ઝડપથી ડીસઇનફ્લેશન જોવા મળી રહ્યું છે. 2016માં ફ્લેક્સિબલ ઇન્ફ્લેશન ટાર્ગેટિંગ (FIT) અપનાવ્યા પછી પહેલી વાર, 2025-26 ના બીજા ક્વાર્ટરમાં એક ક્વાર્ટર માટે સરેરાશ હેડલાઇન ફુગાવો 1.7 ટકા હતો, જે ફુગાવાના લક્ષ્ય (4 ટકા) ની નીચલી ટોલરન્સ થ્રેશોલ્ડ (2 ટકા)ની નીચે જતો રહ્યો છે. ઓક્ટોબર 2025 માં તે વધુ ઘટીને માત્ર 0.3 ટકા થયો, જે અત્યાર સુધીનો સૌથી નીચો દર છે.

### ગૃહ, ઓટો...

ઘટાડા માટે અવકાશ સર્જાયો હતો. આ પગલાને અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારતીય માલ પર લાદવામાં આવેલા ૫૦ ટકાના ભારે ટેરિફથી ભારે ફટકો ખાધેલા અર્થતંત્રને ધિરાણ ટેકા તરીકે જોવામાં આવી રહ્યું છે. ટ્રમ્પના આ પગલાથી નિકાસમાં ઘટાડો થયો છે અને વેપાર ખાધમાં વધારો થયો છે તેમ જ રૂપિયો રેકોર્ડ નીચા સ્તરે ધકેલાઈ ગયો છે. આરબીઆઈનું આ પગલું સૌથી મોટા જીએસટી સુધારા, શ્રમ નિયમોમાં છૂટછાટ અને નાણાકીય ક્ષેત્રના નિયમો હળવા કરવાના રૂપમાં અર્થતંત્રને ધિરાણ સહાય આપવાના સરકારી પ્રયાસોને પૂરક બનાવશે. રેપો રેટમાં ઘટાડો થવાથી વ્યક્તિઓ તેમજ કોર્પોરેટ માટે ધિરાણ લેવાનો ખર્ચ ઓછો થશે કારણ કે તે RBI પાસેથી ઉધાર લેવા માટે બેંકોએ ચુકવવા પડતા વ્યાજમાં ઘટાડો કરશે. સસ્તા ભંડોળ સાથે, બેંકો MCLR અને બેઝ રેટ જેવા ધિરાણ દર ઘટાડી શકે છે, જેનાથી ઘર, ઓટો અને વ્યવસાયિક લોન વધુ સસ્તી બની શકે છે. આ દર ઘટાડો EMI ઘટાડે છે, ગ્રાહકો અને વ્યવસાયોને વધુ ઉધાર લેવા માટે પ્રોત્સાહિત કરે છે અને આર્થિક પ્રવૃત્તિને ટેકો આપે છે. RBI એ બેંકિંગ સિસ્ટમને પૂરતી તરલતા પૂરી પાડવાની તેની પ્રતિબદ્ધતાનો પણ પુનરોચ્ચાર કર્યો છે જ્યારે તેણે 11 અને 18 ડિસેમ્બરે રૂ. 50,000 કરોડના બે હપ્તામાં રૂ. 1 લાખ કરોડ સુધીના સરકારી બોન્ડની ઓપન માર્કેટ ખરીદી અને 16 ડિસેમ્બરે 5 અબજ ડોલરની બાય-સેલ સ્વેપ કરવાની જાહેરાત કરી હતી. બંને પગલાં એવા સમયે ટકાઉ તરલતા ઉમેરશે જ્યારે બેંકો મોસમી તરલતા દબાણનો સામનો કરે છે. ફેબ્રુઆરી 2025 પછી કેન્દ્રીય બેંક દ્વારા આ ચોથો દર ઘટાડો છે, જે કુલ દરઘટાડાને 125 બેસિસ પોઈન્ટ પર લઈ જાય છે. તેણે ઓગસ્ટ અને ઓક્ટોબરમાં દ્વિમાસિક નાણાકીય નીતિ બેઠકોમાં દર યથાવત રાખ્યા હતા.

### DGCAએ...

હતા જેથી હકરજાઓ વધુ વપરાતી બચાવી શકાય. ડીજીસીએ દ્વારા આ ચલણ બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો પરંતુ તાજેતરની અંધાધૂંધી અને પાયલોટોની તંગી જોતા સાપ્તાહિક આરામના સમયને કોઇ રજા સાથે બદલી શકાશે નહીં તે નિયમ હાલ પાછો ખેંચી લેવામાં આવ્યો છે. આ નિયમ પાયલોટોમાં પ્રવર્તતી થાકની સમસ્યાને હાથ ધરવામાં માટે અમલી બનાવાયો હતો. ડીજીસીએએ આજે એક જાહેરનામુ બહાર પાડીને આ નિયમ હાલ ખેંચી લેવાયો હોવાનું જણાવ્યું હતું. આ ઉપરાંત પાઇલટ્સની સાપ્તાહિક આરામની આવશ્યકતા 12 કલાક વધારીને 48 કલાક કરવામાં આવી છે અને અઠવાડિયામાં ફક્ત બે રાત્રિના સમયે ઉતરાણની કરવામાં આવી છે જે અગાઉ છ હતી. ઇન્ડિગોમાં કટોકટી નવા નિયમોથી ઉદ્ભવી છે. આ નવા નિમય સાથે પાયલોટોના ફરજના કાર્યક્રમને બેસાડી નહીં શકાતા પાયલોટોની તીવ્ર અછત સર્જાઇ હતી. હાલની અંધાધૂંધીને જોતા ડીજીસીએએ રાત્રિના સમયના ફરજના કલાકોની બાબતમાં પણ છૂટછાટ આપી છે.

# આઈસીસી પ્લેયર ઓફ ધ મન્થ માટે શેફાલીને નોમિનેટ કરાઈ

**તેનો** સામનો યુએઈની ઇશા ઓઝા અને થાઇલેન્ડની થિપાચા પુથાવોંગ સાથે થશે



દુબઈ, તા. 5 (પીટીઆઈ): દક્ષિણ આફ્રિકા સામે મહિલા વનડે વર્લ્ડકપ ફાઈનલમાં 87 રનની ઝડપી ઈનિંગ્સ રમનાર અને 2 મહત્વપૂર્ણ વિકેટ લેનાર ભારતીય ક્રિકેટર શેફાલી વર્માને નવેમ્બર મહિના માટે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલની (ICC) પ્લેયર ઓફ ધ મન્થ એવોર્ડ માટે નોમિનેટ કરવામાં આવી છે.

ઓપનર પ્રતિકા રાવલની ઈજાને કારણે શેફાલીને ભારતીય ટીમમાં સ્થાન મળ્યું હતું. તેને પ્લેયર ઓફ ધ ફાઈનલ તરીકે પસંદ કરવામાં આવી હતી અને હવે તે મહિલા એવોર્ડ માટે નામાંકિત ત્રણ ખેલાડીઓમાંથી એક છે.

મહિલા એવોર્ડ માટે તેનો સામનો યુએઈની ઈશા ઓઝા અને થાઈલેન્ડની થિપાચા પુથાવોંગ સાથે થશે. બેંગકોકમાં આઈસીસી મહિલા ઈમર્જિંગ નેશન્સ ટ્રોફીમાં બંનેએ શાનદાર પ્રદર્શન કર્યું હતું.

યુએઈની કેપ્ટન ઈશા ઓઝાએ સાત T-20 મેચમાં 137.50ના સ્ટ્રાઈક રેટથી 187 રન બનાવ્યા અને 7 વિકેટ લીધી. તેને પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ પણ પસંદ કરવામાં આવી હતી.

થિપાચા પુથાવોંગ 15 વિકેટ સાથે સંયુક્ત રીતે સૌથી વધુ વિકેટ લેનાર બોલર હતી. સ્કોટલેન્ડ સામેની ફાઈનલમાં 4 વિકેટ લઈને તેણે થાઈલેન્ડની ટાઈટલ જીતમાં પણ મુખ્ય ભૂમિકા ભજવી હતી.

પુરુષોની શ્રેણીમાં, દક્ષિણ આફ્રિકાના ઓફ સ્પિનર સિમોન હાર્મર, બાંગ્લાદેશી ડાબોડી સ્પિનર તૈજુલ ઈસ્લામ અને પાકિસ્તાની ઓલરાઉન્ડર મોહમ્મ દ નવાઝને નામાંકિત કરવામાં આવ્યા છે.

એક સ્વતંત્ર ICC વોટિંગ એકેડેમી અને વિશ્વભરના ચા હકો હવે વિજેતાઓનો નિર્ણય કરશે. ચાહકો ICC વેબસાઈટ પર મતદાન કરી શકે છે.